647510 **ARTguAE102B-2C** **Seat No :_________**

**B.A Semester - 2 (NEP-2020) Examination**

**JUNE – 2024**

**GUJ: Gujarati Lekhan Kaushal Bhag -2 (Ability Enhancement Course)**

**Time: 1:00 Hours** **Marks: 25**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧(અ) નીચેનાં ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોનાં જવાબ આપો. (૦૫)

(1) કોઇપણ કાવ્યપંક્તિનો વિચાર વિસ્તાર કરવામાં કયા કયા મહત્વનાં મુદ્દાઓને ધ્યાને લેવા જોઇએ. આપનાં મત મુજબ કાવ્યપંક્તિમાં વિષય- ભાવ – ભાષા – શૈલી અને સંદેશનું મહત્વ શું હોય છે ? સમજાવો.

(2) "ચર્ચાપત્ર એ પ્રજાજીવનની જાહેર સમસ્યાને શબ્દરુપ આપતું, વર્તમાનપત્રમાં રજૂ કરતું એક માધ્યમ છે, જેના દ્વારા પ્રજામાનસનાં આંતરપ્રવાહોનો પરિચય મેળવી શકાય છે અને સાથો સાથ પ્રજામાનસનું ઘડતર પણ થઇ શકે છે" – આ વિધાનને વિગતે સમજાવો.

(3) 'મળશે કોઇક દિવસ માનવી, દેશ-વિદેશ ગયા;
પણ, એ કદિયે નહીં મળે, જે ધરતી ઢંક થયા.' – અર્થ વિસ્તાર કરો.

પ્રશ્ન-૧(બ) નીચેનામાંથી કોઇપણ પાંચનાં જવાબ આપો. (૦૫)

(1) કાવ્યપંક્તિનાં અર્થ વિસ્તારમાં કવિનાં કયા ગુણ-લક્ષણને આપણે શોધી લેવું જોઇએ.
(અ) લંબાણ (બ) મૌલિકતા (ક) તર્ક (ડ) વર્ણન

(2) કાવ્યપંક્તિમાં કયું ધ્યાનાર્હ બનતું લક્ષણ ગણાવી શકાય ?
(અ) રસબોધ (બ) માહિતી (ક) વિવાદ (ડ) સમય

(3) કાવ્યપંક્તિનાં અર્થવિસ્તાર વખતે આપણને કયા ભયસ્થાન નડી શકે ?
(અ) વધુ લંબાણ (બ) છંદ ઓળખ (ક) અલંકાર ઓળખ (ડ) હાર્દ પકડ

(4) કાવ્ય એ કયા પ્રકારની કલા છે ? નીચેનામાંથી જવાબ શોધો.
(અ) લલિતકલા (બ) લલિત્તેતર કલા
(ક) વેપાર-વણજ કલા (ડ) વિજ્ઞાનની કલા

(5) ચર્ચાપત્ર એ કોની સામાજિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય અને પર્યાવરણને લગતા પ્રશ્નોની રજૂઆત છે ?
(અ) ઇતિહાસની (બ) ભૂગોળની
(ક) સમાજજીવનની (ડ) લોકસાહિત્યની

(6) ચર્ચાપત્રનાં કેન્દ્રમાં કોના હિતને કેન્દ્રવર્તી મહત્વ હોય છે ?
(અ) વ્યક્તિગત (બ) રાજકારણ (ક) તર્કશાસ્ત્ર (ડ) જાહેર હિત

(7) ચર્ચાપત્ર અખબારમાં પ્રકાશિત થવાનું હોવાથી કઇ બાબતની વિશેષ કાળજી લેવી જોઇએ?
(અ) બિનજરુરી વિગત (બ) લોકભોગ્યતા (ક) નાટ્યાત્મકતા (ડ) સંવાદશૈલી

પ્રશ્ન-૨(અ) નીચેનાં સાત પ્રશ્નોમાંથી કોઇપણ પાંચનાં બે-ત્રણ વાક્યોમાં જવાબ આપો. (૦૫)

(1) ગદ્યખંડનાં વિવરણમાં આપ કયા કયા મુદાઓને મહત્વનાં ગણો છો?
(2) કોઇપણ પુસ્તકનાં અવલોકનમાં આપ કયા મુદ્દાઓને મહત્વનાં ગણશો ?
(3) ચર્ચાપત્રનું પ્રથમ ભાગમાં કોને, શું લખવું?
(4) ચર્ચાપત્રમાં પ્રતિ-પછી ક્યું ચિહ્ન આવે છે?

(5) કોઈ એક ચર્ચાપત્ર-સામયિકનું નામ જણાવો.

(6) પુસ્તક અવલોકનમાં પોતાનાં નિરીક્ષણો મુકી શકાય?

(7) પુસ્તક અવલોકન અને વિવેચનને બે-ચાર વાક્યમાં સમજાવો.

પ્રશ્ન-૨(બ) નીચેનામાંથી કોઇપણ પાંચનાં જવાબ આપો. (૦૫)

(1) વિદ્વાનોનાં મતાનુસાર ગદ્યખંડમાં નીચેનામાંથી કોનો નિચોડ મહત્વનો છે ?

(અ) અનુભવ અને અભ્યાસનો (બ) બાળપણનો

(ક) યુવાવસ્થાનો (ડ) ધર્મ-ભક્તિનો

(2) વિદ્વાનોનાં મત અનુસાર ગદ્યખંડમાં ભાષાની કઇ શૈલીને ઉત્તમ ગણી છે ?

(અ) પ્રાસાદિકતા (બ) દાંભિકતાપૂર્ણ

(ક) અવ્યવહારુ (ડ) રસનાં અભાવવાળી

(3) વિદ્વાનોએ ગદ્યખંડનાં વિવરણમાં કેવી રજૂઆતને શ્રેષ્ઠ ગણાવી છે ?

(અ) તર્કબધ્ધ (બ) અતાર્કિક (ક) સુધારાવાદી (ડ) યુગપ્રભાવક

(4) 'સત્યના પ્રયોગો' આત્મકથાનાં રચનાકાર કોણ છે ?

(અ) મડિયા (બ) મુનશી (ક) મેઘાણી (ડ) ગાંધીજી

(5) સંવાદશૈલીનાં 'શ્રીમદ ભાગવદ ગીતા' ગ્રંથમાં કુલ કેટલાં અધ્યાય છે ?

(અ) અગિયાર (બ) એકવીસ (ક) તેત્રીસ (ડ) અઢાર

(6) પુસ્તક અવલોકનમાં સામગ્રી, શૈલી અને ત્રીજું મહત્વનું અંગ તે કયું છે ? –જણાવો.

(અ) આરંભ (બ) છંદ-અલંકાર

(ક) વર્ણનકલા (ડ) શીર્ષક-સંદેશ

(7) નીચેનામાંથી એક નવલકથા છે, તે શોધી બતાવો.

(અ) 'અમૃતા' (બ) 'મારી હકીકત'

(ક) 'મિથ્યાભિમાન' (ડ) 'ગંગોત્રી'

પ્રશ્ન-3 નીચેના ચારમાંથી કોઇપણ બેનાં જવાબ આપો. (૦૫)

(1) 'છે ગરીબોનાં કૂબામાં તેલનું ટીપું એક દોહ્યલું;
ને શ્રીમંતોની કબરો ઉપર ઘીનાં દીવા થાય છે.' - કાવ્યપંક્તિનો વિચારવિસ્તાર કરો.

(2) 'નલ સે જલ'યોજના અંગે આપના મૌલિક વિચારોને વ્યક્ત કરતો એક ચર્ચાપત્ર લખો.

(3) પુસ્તકાલય એ જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું મહત્વનું સાધન છે. મનુષ્યનાં આત્માનાં, મનનાં તથા બુધ્ધિનાં વિકાસ માટે જ્ઞાન આવશ્યક છે. જ્ઞાન જેવું પવિત્ર બીજું કાંઇ નથી. અજ્ઞાન જો અંધકાર છે, તો જ્ઞાન એ જયોતિનું સ્વરુપ છે. આ જ્ઞાન આપણને પુસ્તકાલયમાંથી મળે છે. કારણ કે, પુસ્તકાલયમાં બિન્ન ભિન્ન શાખાઓના ગ્રંથો સચવાયા હોય છે. શિક્ષિત લોકો માટે પુસ્તકો આશીર્વાદ સમાન છે. વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલય ઉત્તમ સાધન બની રહે છે. અનેક મહાપુરુષોએ પુસ્તકાલયનો ઉપયોગ કરીને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કર્યો છે. પુસ્તકાલયને 'લોકશાહીનું મંદિર' કે મોટું તીર્થ સ્થાન પણ માનવામાં આવે છે. – આ ગદ્યખંડનો વિસ્તાર કરો.

(4) તમારી પસંદગીનું કોઇપણ એક પુસ્તકનું લેખકનાં નામ, સ્વરુપ અને સામગ્રી સાથે અવલોકન કરો.

************************